# ગુજરાતી સાહિત્ય @ ઈન્ટરનેટઃ વડોદરાના મૃગેશ શાહે વેબસાઈટ તૈયાર કરી...




'આપણે ત્યાં ગુજરાતી સાહિત્યનું સર્જન થાય છે અને વેચાય પણ છે પરંતુ મોટે ભાગે પુસ્તકો પુસ્તકાલયમાં જ પડ્યાં રહે છે અથવા તો નિવૃત્તિઓ માટે સમય પસાર કરવાનું સાધન બની જાય છે. મારે આ પ્રથાને બદલી આજના યુવાનોને પણ ગુજરાતી સાહિત્ય અને ભાષા સાથે પરિચય કરાવવો છે. તેમને પુસ્તકો વાંચતા કરવા છે આથી જ મેં નવી પેઢીને અનુકૂળ એવી 'રીડગુજરાતી.કોમ' નામની વેબસાઈટ બનાવી છે.' આત્મવિશ્વાસથી છલકાતા આ શબ્દો છે વડોદરાના ન્યૂ વી.આઈ.પી. રોડ પરની ગીતા પાર્ક સોસાયટીમાં રહેતા ૨૭ વર્ષીય યુવાન મૃગેશ શાહના.

પોતાના આ કાર્ય વિષે મૃગેશ કહે છે કે, 'થોડા સમય પહેલાં પોસ્ટ ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓના સમારંભમાં એક વિદ્યાર્થીએ જૂના સોફ્ટવેર વાપરવાના ગેરફાયદા સમજાવતાં કહ્યું કે, 'જૂના સોફ્ટવેર વાપરવા એટલે જાણે કે ફિલ્મ અને મ્યુઝિકના જમાનામાં ગુજરાતી સાહિત્યની ચોપડી લઈને વાંચવા બેસવું.' તેની ટિપ્પણીથી હોલમાં બધા હસવા લાગ્યા, પરંતુ મને આઘાત લાગ્યો કે ગુજરાતી સાહિત્યની યુવાનોમાં આવી છાપ છે? એક સમયે જે સાહિત્યને સંસ્કાર સિંચનનું શ્રેષ્ઠ માધ્યમ માનવામાં આવતું તે આજે મનોરંજનનાં સાધનોની તુલનામાં પણ નથી રહ્યું? આથી મેં યુવાનોમાં ગુજરાતી સાહિત્યને લોકપ્રિય બનાવવાનો પડકાર ઝીલી લેવાનો નિર્ધાર કરીને વેબસાઈટ બનાવવાનો નિર્ણય કર્યો.' મૃગેશે બનાવેલી **readgujarati.com** સાઈટ પર સાહિત્ય, કાવ્યો, બાળવાર્તાઓ, જોક્સ, અજમાવી જુઓ, કાર્ટૂન અને વાનગી પર આધારિત ૨૫૦થી વધુ લેખો, ઉમાશંકર જોશી, પ્રિયકાંત પરીખ, ગુણવંત શાહ, વર્ષા અડાલજા, સુરેશ દલાલ, રઘુવીર ચૌધરી, તારક મહેતા જેવા વિદ્વાન સાહિત્યકારોના લેખો છે. હાલ આ વેબસાઈટના સાઉદી અરેબિયા, ઈંગ્લેન્ડ, લંડન, તુર્કી, ઓમાન, પાકિસ્તાન, અમેરિકા, જાપાન, ફ્રાન્સ, રશિયા જેવા દેશોના ૩૦ હજારથી વધુ વાચકો છે.❍